।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના ૧.૭

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;
નિજ-જન કો વરન કારન, લિયો ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧
શ્રીગોકુલેશ હી એક નામ, જો સુખ દે સાદા અપાર;
ઐસે સુખ સાગર શ્રીરાયજું, રાખે સાદા શ્રીચરણ નિરાધાર. ૨
પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરે શ્રીવ્રજ વાસ;
દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખો શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુના અનેક વચનામૃત આજે આપણને હાસ્યામૃતરૂપે, બત્તિસ લક્ષણ, ૨૪ વચનામૃત રૂપે પ્રાપ્ત થાય છે. સાથેજ આપશ્રીના વચનામૃતને સમજવું હોય તો માર્ગના સરલ સિદ્ધાંત એટલે ૮૪, ૨૫૨ વૈષ્ણવોની વાર્તા, નિજ-વાર્તા ઘરુ વાર્તા બેઠક ચરિત્ર પ્રકટ છે. સાથેજ જો મૂળ સંસ્કૃત ગ્રંથો જોઇએ આપણા અલૌકિક શ્રીચતુર્થદ્વારથી પ્રકાશિત શ્રીગોકુલેશ વાક્સૂધા નામક પુસ્તકમાંથી શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજીના ગ્રંથો પર ટીકારૂપી વચનામૃત પ્રાપ્ત થાય છે.

આ વચનામૃત તો આપણને શ્રીગોકુલેશપ્રભુએ સ્વયં ગદ્યરૂપે પ્રકટ કર્યા. છતાં, એવા અનેક વચનામૃતો છે, જે આજે આપણને પદ્યાત્મક શૈલીમાં પ્રાપ્ત થાય છે. તે વચનામૃતો અમુક એવા છે, જે આપશ્રીએ સ્વયં નહીં, પણ પોતાના નિજ-સેવકો દ્વારા ગુન-ગાન, ધોલ-પદના રૂપમાં પ્રાપ્ત થાય છે. એવા ભગવદીયો (નિજ-સેવકો), કે જેમને શ્રીગોકુલેશ પ્રભુને અનન્યરૂપે ભજ્યા છે, સ્વરૂપાનંદનું દાન પ્રાપ્ત થયું છે, અને સદા શ્રીગોકુલેશ પ્રભુ સન્મુખ રહેવાનો અવસર પ્રાપ્ત થતો, તે ભગવદીયોને આપશ્રીના શ્રીમુખે જે વચનો ઉચ્ચાર્યા, તે ક્યાંક પોતાની પદ રચનામાં અભિવ્યક્ત

કરી છે. અને આજે પણ આપણે એ ધોલ-પદોનો લાભ લઈએ છીએ. અનેક લીલા-ચરિત્ર વર્ણન પણ કર્યુ છે. તો આજે આપણે એવા એક શ્રીગોકુલેશ અનન્ય ભક્ત કવિ **શ્રીકૃષ્ણરામ ભટ્ટ**ના વિશે જાણવાનો પ્રયત્ન કરીએ.

શ્રીકૃષ્ણરામ ભટ્ટ :-

આ શ્રીકૃષ્ણરામ શ્રીગુસાંઈજી (શ્રીવિઠ્ઠલનાથજી)ના બેટીજી શ્રીદેવકી બેટીજીના પુત્ર છે. તેમના પિતાનું નામ અહલાદ ભટ્ટ હતું. તેમનો જન્મ સં. ૧૬૨૫ની આસપાસ થયો હશે. સંબંધ હિસાબે શ્રીગોકુલેશજીને તેઓ મામા-ભાણેજ(મામા-ફોઈના દિકરા) થાય. પણ કૃષ્ણરામ મૂળથી ધર્મપરાયણને સંસ્કારી આત્મા હતા ને શ્રીગુસાંઈજી સાથે તેઓ રહેલા તેથી વૈષ્ણવી સંસ્કારો તેમના ઉપર સારા પડેલા, ને શ્રીગોકુલેશ પ્રભુના (શ્રીવલ્લભ) સંબંધમાં આવતાં તેમનાં તે સંસ્કારો નવપલ્લવિત થયા. તેમા આપશ્રીના અતુલ પ્રતાપ અને પ્રેમાળ સ્વભાવથી આપશ્રીમાં પુરુષોત્તમભાવ ખીલ્યો. તેના પરિણામે કૃષ્ણરામ ભટ્ટે અનેક અષ્ટકો સંસ્કૃતમાં બનાવ્યાં. તેમાંના અમૂક સ્તોત્રો શ્રીગોકુલેશ ધોલપદ માધુરી નામક પુસ્તકમાં પ્રકાશિત થયેલ છે. **શ્રીગોકુલેશાષ્ટક**માં નિજ વિરહી ભક્તોને આપનાં દર્શન સંયોગની આકાંક્ષાનું સુંદર વર્ણન આપ્યું છે. શા માટે આ ભક્તો આપશ્રીના દર્શનની ઈચ્છા રાખે છે ? આવા પ્રશ્નો કોઈ વિઘ્નસંતોષી જ્યારે કરે છે ત્યારે આ વિદ્વાન ભક્ત કવિ કૃષ્ણરામ ભટ્ટ કહે છે કે શ્રીગોકુલેશ પ્રભુની દૃષ્ટિ એવી છે કે દર્શન કરનાર ભક્તોનાં નયનો આપશ્રી અમીથી ભરી દે છે. બીજું આપશ્રી દરેકના મનમાં (હૃદયમાં) ભાવ જાણે છે અને ત્રીજું આપશ્રી કૃપાળુ છે. તેવી રીતે આઠમા શ્લોકમાં આપશ્રીનો આત્માં સંગીતપ્રિય છે અને આનંદ(હાસ)મય છે, તેનું વર્ણન છે. **રૂચિરાષ્ટક**માં શ્રીગુસાંઈજીના ત્યાં આપશ્રી (શ્રીગોકુલેશ પ્રભુ) આનંદરૂપી દેહવાળા તથા અલૌકિક શ્રૃંગાર-કલ્પતરુ છો એમ વર્ણન કર્યુ છે. આ સ્તોત્રમાં કૃષ્ણરાયનું નામ છે પણ ખરૂં જોતાં તેના બનાવનાર કૃષ્ણરાયના ભાણેજ મધુસૂદન ભટ્ટ (દેવકી બેટીજીનાં દીકરી જાનકી લાલીના પુત્ર) છે, તેથી નિજ માતુલ માતુલ શબ્દ વાપર્યો છે. **શયનાષ્ટક** છે, તેમાં પ્રથમ શ્લોકમાં આપનો પ્રાગટ્ય કમલ અગર કમલા જેવો છે તેમ દર્શાવ્યુ છે. કેમકે આપ કમલારૂપ હોવાથી ભગવાનની સેવા સર્વકાલ અને કમલરૂપ હોવાથી શુદ્ધ ભાવથી કરો છો. વળી કમલા-લક્ષ્મીનો પ્રાદુર્ભાવ સાગર મંથનમાંથી છે કારણકે સંસારસાગર કાદર કીચથી ભરેલો છે, તેમ છતાં શોભા આપનાર કમલ પ્રકટ થતાં કાદવ કીચડવાળા અગર વિષ ઉત્પન્ન થયેલા સાગરની

ખિન્નતા નાશ પામે છે અને વાતાવરણ પ્રાસાદિક (આનંદિત) બને છે. તેમ આપશ્રીએ ભગવદ્-સેવા દ્વારા સંસારનું વાતાવરણ શુદ્ધ બનાવ્યું છે. ને તે રીતે સેતુ-પૂલ રૂપ બન્યા છો. ત્યાર પછી આપશ્રી ભગવાનની શયનસેવાથી પરવારી આનંદપૂર્ણ નિજ બેઠકને નિજશયનખંડમાં પધારે છે તેનું સુંદર વર્ણન આમાં આવે છે.

શ્રીગોકુલેશાષ્ટક (શ્રીવલ્લભાષ્ટક) ગ્રંથ છે, (આ શ્રીગુસાંજી વિરચિત શ્રીમહાપ્રભુજીની સ્તુતિથી ભિન્ન છે). આમાં આ ભક્ત વિદ્વાને ચિદ્રૂપ અને જહાંગીર બાદશાહ સાથે માલા અંગે જે કલહ ઉપસ્થિત થયો હતો તેનું સુંદર વર્ણન આપ્યું છે. આ ભગવદ્ અનન્યાશ્રયી હોવાથી સ્વધર્મરક્ષા કરી તે બતાવ્યું છે. જ્યારે બીજા શ્લોકમાં આપશ્રીએ શું કર્યું તે વિશે જણાવે છે. ૧.) જે કરવાથી પાપ જન્મે તેવા કર્મો બંદ કરાવ્યાં, ૨.) વૈદિકધર્મનું પોતે પાલન કર્યું, ૩.) સાધુ પુરુષોનું યોગ્ય હિત કર્યું (બતાવ્યું), ૪.) ભક્તિનો પ્રચાર કર્યો અને માલા તિલક ધારણ કરી તેનું રક્ષણ કર્યું. એવા શ્રીગોકુલેશ - શ્રીવલ્લભ પ્રભુ વિજય પામે છે વિજય પામે છે.

અસદુદિતવિદારી વેદવાદાનુસારી સદુચિતહિતકારી ભક્તિમાર્ગપ્રચારી ।
રુચિરતિલઢધારી માલધારી તુલસ્યાઃ સ જયતિ શ્રીવલ્લભો ગોકુલેશઃ ।। ૨ ।।

અર્થ :- પાપ ઉત્પન્ન થયેલ હોય તેનો નાશ કરનાર, વેદના વાદને અનુસરનાર, ભક્તોનું યોગ્ય હિત કરનાર, ભક્તિમાર્ગનો પ્રચાર કરનાર, સુંદર તિલક ધારણ કરનાર, અને તુલસીની માલા ધારણ કરનાર પ્રસિદ્ધ ગોકુલેશ શ્રીવલ્લભનો જગતમાં જય થાય છે. ૨

ત્યારબાદનાં શ્લોકમાં વૈદિક ધર્મમાં અધર્મ ફેલાતાં આપશ્રીએ તેવા અવૈદિક ધર્મને હઠાવી અનન્ય ભક્તિવાળો નવો કર્મમાર્ગ જે સાચો કલ્યાણ ધર્મ છે તે બતાવ્યો. તે પછી પહેલાં રાજા પરીક્ષિતે કલિથી ધર્મની રક્ષા કરી હતી તેવી ધર્મની રક્ષા આપશ્રી (શ્રીવલ્લભ-શ્રીગોકુલેશજી)એ કરી તેવું વર્ણન આવે છે. છેવટના શ્લોકમાં આ વિદ્વાન ભક્ત શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપને સમજાવતાં કહે છે કે ભક્તિ સ્વતંત્ર પુરુષાર્થ છે તે વાત એકલા સ્વકીય ભક્તોને નહીં. પણ બધી જનતાને આપે સમજાવી છે અને લૌકિક-અલૌકિક સર્વ સુખ ભક્તિ દ્વારા મળે છે તે પણ આમ

જનતાને આપશ્રીએ સમજાવ્યું છે, ને તેને માટે નિ:સાધન ભક્તિમાર્ગની આપશ્રીએ સ્થાપના કરી છે. વળી શ્રીગોકુલ એટલે ઇન્દ્રિયોના સમૂહને સાચો આનંદ ભક્તિ દ્વારા મળે છે તે વાત પોતે સ્વતઃ ભજનાનંદનું દાન કરાવીને સમજાવી અને પોતાના પિતા (શ્રીગુસાંઇજી)ની આરાધના પિતાના માર્ગે ચાલીને જનતાએ આદર્શ આપ્યો છે. તેવા શ્રીગોકુલેશ પ્રભુ જય પામે છે. આમ શ્રીગોકુલેશ પ્રભુનો જય આ પાંચ પ્રકારે વર્ણવી ભક્તિમાર્ગનો પ્રચાર બતાવ્યો છે. શ્રીગીતાજીમાં ભગવાને *યદા યદા હિ ધર્મસ્ય* એ શ્લોકમાં ભગવાનનું પ્રાગટ્ય થવાનું કારણ સમજાવ્યું છે. તે જ વાત આ શ્લોકમાં છે, અને કલ્યાણ ઇચ્છનારા સૌ સેવક-સમાજને આ ભક્તિ-સેવામાર્ગે ચાલવું તેવો રાજમાર્ગ આપશ્રીએ બનાવ્યો તેથી દરેક વૈષ્ણવ શ્રેયૅર્થીએ કે મુમુક્ષુ સાધકે આ શ્લોક પોતાના શ્રીકંઠમાં ધારણ કરવો.

ય ઇહ સકલલોકે કેવલં ન સ્વકીયે પ્રભુભજનબલેન સ્થાપયામાસ ધર્મમ્ ।
સકલસુખવિધાતા ગોકુલાનંદદાતા સ જયતિ નિજતાતારાધકો ગોકુલેશઃ ।।

અર્થ :- જેમણે આ લોકમાં માત્ર પોતાના (સેવકો)માં નહીં (પરંતુ) સર્વ લોકમાં શ્રીપ્રભુ ભજનના બલથી ધર્મનું સ્થાપન કર્યું તે (પ્રાપ્ત થતાં) સકલ સુખ કરનાર, ગોકુલને આનંદનું દાન કરનાર, પોતાના પિતાને પ્રસન્ન કરનાર શ્રીગોકુલેશનો જય થાય છે.

આ ભક્તકવિ દ્વારા અન્ય એક સ્તોત્ર **શ્રીગોકુલેશોત્સવવર્ણન** છે, તેમાં મોહનભાઇજી, ગોકુલભાઇજી, બહેનજીરાજ વગેરે અનન્યકૃપાપાત્ર (મહેદ ભક્ત) એ જે રીતે આ ઉત્સવ ઉજવ્યો તેનું વર્ણન છે. શરૂઆતમાં સારસ્વત કલ્પના શ્રીકૃષ્ણએ પૃથ્વી ઉપર :- ૧.) શ્રીવલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજી, ૨.) ગોપીનાથ પ્રભુચરણ - શ્રીવિઠ્ઠલનાથ-શ્રીગુસાંઇજી પ્રભુચરણ, અને ૩.) શ્રીગોકુલેશ પ્રભુચરણ રૂપે આ રીતે પ્રાગટ્ય લીધો, તે વર્ણન છે. આથી શ્રીકૃષ્ણરાયજી એમ કહેવા માંગે છે કે આ ત્રણ સ્વરૂપ એક જ નંદાત્મજ શ્રીકૃષ્ણનાં સ્વરૂપ છે. તે સાકરની પૂતલી પેઠે સર્વ રીતે સરખાં સેવનીય ને ભજનીય છે. વળી ગાય જે ભક્ત છે તેની સેવા ઇન્દ્રયાગ બંધ કરાવી, શ્રીગોવર્ધન યાગ શરૂ કરી, દૂધના અભિષેકથી સ્વીકારી તેમ અત્રે (ગો - ઇન્દ્રિયો,કુલ,સમુહ અને ઇશ - સ્વામી) ગોસ્વામી, સર્વ ઇન્દ્રિયોના સ્વામી હોવાથી આપશ્રીએ ભક્તોએ કરેલ કેસરસ્નાનાદિથી અભિષેક સ્વીકાર્યો. આજનો મહાઓચ્છવ આ ભગવદીયોએ કેવી રીતે કર્યો, તેનું સવિસ્તાર સુંદર વર્ણન ૮ થી ૩૨ શ્લોક સૂધી છે.

એવુંજ એક અન્ય શ્રીગોકુલેશ સ્તવ - નામનું અષ્ટક છે, તેમાં શ્રીગોકુલેશ પ્રભુનું જગતપાલક તરીકેનું અદ્‌ભૂત સ્વરૂપ વર્ણન છે.

જેમ શ્રીમહાપ્રભુજીનું શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં, અને શ્રીગુસાંઇજીનું શ્રીનામરત્નાખ્ય સ્તોત્રમાં નામ-ગુણ વર્ણન છે, તેમ આ નામરત્નમાલાવલિઃ માં શ્રીગોકુલેશ પ્રભુનાં ૧૦૮ નામોનું વર્ણન પણ પ્રગટ કરેલ છે. આ ભક્તિ કવિએ અહીં પણ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, અને શ્રીગોકુલેશ પ્રભુની ઐક્યતા ૧ થી ૪ નામોમાં વર્ણવી છે. ત્યાર પછી ૬ થી ૧૪ નામોમાં આપશ્રીના કુટુંબવાત્સલ્યનું વર્ણન છે. સર્વ જીવ માત્ર ઉપર મોટી કરૂણા કરવા શક્તિબીજ (ઉત્પાદક શક્તિ) આપશ્રીનામાં છે તે ૫ અને ૬ શ્લોકમાં જણાવી છે. આવનાર પ્રાણીમાત્રનું યોગ્યરીતે પોષણ કરનાર ***યાચનોચિતસંપ્રાપ્ત-પ્રાણીમાત્ર-પ્રપોષકઃ*** આ પછીના બે શ્લોકમાં ગો શબ્દથી શરૂ થતાં આપશ્રીના ૧૧ નામો આપ્યાં છે. ત્યાર પછી આપશ્રીના પિતૃભક્તિનાં પાંચ શ્લોક છે. આ પછી શ્રીકૃષ્ણના અવતારરૂપે માલા ધર્મ સ્થાપનના ૧૬ નામો શ્લોક ૧૪ થી ૧૮ સુધીમાં છે. ૧૯ અને ૨૦માં શ્લોકમાં આપશ્રીની ગોકુલસ્થ લીલાનાં પાંચ નામો છે. ત્યાર પછી ૨૧ થી ૨૪ શ્લોકમાં આપશ્રીના સ્વરૂપવર્ણનનાં પંદર નામો છે. શ્લોક ૨૫-૨૬માં ૭ નામોમાં આપશ્રીના સ્વભાવ ને ગુણનું વર્ણન છે. ૨૭-૨૮ શ્લોકમાં આપશ્રીના ભક્ત યોગ્ય નવ નામ છે. ૨૯-૩૦ શ્લોકમાં આપશ્રીના કર્તવ્યની દિશા બતાવી છે. અને અંતે ૩૧-૩૨ શ્લોમમાં શ્રીગોકુલેશ પ્રભુચરણના અનન્ય સેવક એવા દાદા નારાયણજીના કુલની સેવા સ્વીકાર્યાના ચાર નામ છે.

આમ આ ભક્ત કવિ **શ્રીકૃષ્ણરામ ભટ્ટ**, જે શ્રીગોકુલેશ પ્રભુના ભાઈ થાય, છતાં એક સેવક બની અને આપશ્રીના અનેક જીવન પ્રસંગોને પોતાના દ્વારા રચિત સ્તોત્રો અને ધોલ-પદમાં પ્રકટ કરી અને આજના આપણા જેવા અબુધ જીવોને શ્રીગોકુલેશ પ્રભુચરણના સ્વરૂપથી પરિચિત કરાવી રહી છે. એવા આ ભક્ત કવિઓ છે.

(શ્રીગોકુલેશ ધોલ પદ માધુરીમાંથી સાભાર)

ભાવત્કઃ-

દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા/રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

વધાઈ   વધાઈ   વધાઈ

અલૌકિક સ્વરૂપની અદ્ભૂત ઝાંખી
(પૂજ્યચરણ ગુરુદેવ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી - શ્રીસુરેશ બાવાશ્રી)

શ્રીકૃષ્ણસ્વરૂપં શ્રીકૃષ્ણાસ્વરૂપં
શ્રીકૃષ્ણાસ્યરૂપં શ્રીકૃષ્ણાસ્યપુત્રમ્ ।
કૃપાસ્વપૂર્ણં પ્રપદ્યે સુરેશં
શ્રીગોકુલેશં વરેશં સુકેશમ્ ।।

અર્થ :- શ્રીકૃષ્ણસ્વરૂપ, શ્રીકૃષ્ણા (શ્રીયમુનાજી) સ્વરૂપ, શ્રીકૃષ્ણાસ(શ્રીમહાપ્રભુજી) સ્વરૂપ અને શ્રીકૃષ્ણાસ્યપુત્રમ્ (શ્રીગુસાંઈજી) સ્વરૂપ એવા કૃપારૂપી ધનથી પૂર્ણ, શ્રીગોકુલેશસ્વરૂપ, વરેશ અને સુંદર કેશરાશિયુક્ત એવા શ્રીસુરેશપ્રભુ (શ્રીગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી)ને હું શરણે જાઉં છું.

વર્ષાઋતુંમાં વરસતી વર્ષાની હેલીતો આપણે સૌએ જોઈ છે અને અનુભવી પણ છે પરંતુ શ્રીવલ્લભ વાક્સુધારસની ધોધમાર હેલીમાં રસતરબોળ બની સદા ભીંજાયેલા રહેવાની અને તે અલૌકિક સુધારસનો આસ્વાદ માણવાની અમૂલ્ય ઘડી એટલે પૂજ્યચરણ શ્રીગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રીના શ્રીમુખએ નિસૃત્ત વહેતા વચનામૃતોની હેલી. આપશ્રીના વચનામૃતોમાં છે - શાસ્ત્ર પ્રમાણોની ધસમસતી ગંગાનો અસ્ખલિત પ્રવાહ, સ્વમાર્ગીય સિદ્ધાંતોનું રસપાન કરાવતી ભક્તિસરિતા શ્રીયમુનાજીની અખંડ ધારા અને સાથે સાથે હૈયામાં સોંસરી ઉતરી જાય એવી અર્થગંભીર છતાં સરળ અને રસપ્રચુર સરસ્વતીનો અવિરત સ્રોત.

પૂજ્ય શ્રીગુરુદેવના વચનામૃતોની ત્રિવેણી જ્ઞાનગંગાના સંગમમાં સ્નાન કરવાનું અહોભાગ્ય તો કોઈ ભાગ્યવાનને જ પ્રાપ્ત થાય છે. **આવા મહોદાર, ભક્તભાગ્યફલોદય અને ભક્તમનોરથપૂરક, શ્રીગોકુલેશસ્વરૂપ, કૃપાકલ્પતરૂ, ભક્તવત્સલ અને અશરણશરણ પૂજ્યચરણ**

ગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રીના આત્મજ પૂજ્યચરણ ગોસ્વામી શ્રીવિઠ્ઠલરાયજી બાવાશ્રીનો જન્મદિવસ (સં.૨૦૩૧) ગુર્જરમાસ કાર્તિક સુદ પક્ષના બીજએ છે. એટલે કે ભાઇ દૂજ. આ અવસર પર આપ સર્વે ને હ્રદયપૂર્વક વધાઇ.

માઇ આજ કછુ મંગલ હેં ગોકુલ નગરમેં;
ફૂલી ફૂલી ડોલે ઘન આનંદ અપને મન
બાંધત બંદનવાર બગર બગરમેં. ૧

કુમકુમ કટોરે ધરે દોઉ કર રંગ ભરે,
ચિત્રિત વિચિત્ર કરે ડગર ડગરમેં;
યહ દિન દેખો આયો જનમદિન વલ્લભલાલ,
બાજત વધાઇ સુની જગત જગતમેં. ૨

સાથેજ અનેક ઉત્સવો - સૌભાગ્ય પાંચમ (લાભ પાંચમ), આગમોત્સવ (મહોત્સવનો પ્રારંભ), ગોપાષ્ટમી, અક્ષય નવમી - સત્યયુગનો પ્રથમદિવસ, શ્રીપ્રભોધિની એકાદશી વ્રત, શ્રીગુસાંઇજીના પ્રથમકુમાર શ્રીગિરિધરજીનો પ્રાકટ્યોત્સવ, શ્રીગુસાંઇજીના પંચમકુમાર શ્રીરઘુનાથજીનો પ્રાકટ્યોત્સવ, વગેરે. આવા ઉત્સવોને આપણે હ્રદયપૂર્વક વધાવીએ.

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીરસિક રસ ચરિત્ર

પ્રાકટ્ય-ઉત્સવ

શ્રીગોકુલેશ પ્રભુની સન્મુખ જ્યારે શ્રીભાગવતજી, શ્રીતુલસીજીની માલા, મોતીની માલા, સોનાની માલા, ગુંજામાલા, વગેરે ધરી હતી. પણ શ્રીગોકુલેશજીની લીલા કંઇક અલગ છે. પ્રથમ

તો સહું સમાજ જે આપશ્રીના અન્નપ્રાશન ઉપર આવ્યો હતો, તે સર્વની સામે દષ્ટિ કરી અને સૌને સ્વયંની કરેલ ચેષ્ટા જોવા પ્રેરિત કર્યા. અને નેત્રો વડે સહુના મન હરી લીધા. ત્યાં એક રસ નાયક ઊભા હતાં, તેમનું પિતાંબર ગ્રહિ લીધું. આપશ્રી આગળ વધતાં પ્રથમ શ્રીભાગવતજીની પોથી ગ્રહિ લીધી. અને શ્રીતુલસીજીની માલા લઇ આપશ્રી મંદિર તરફ પધાર્યા, એ સુચવ્યું કે આ માર્ગ મારા વડે પ્રગટ થયો છે. આ પ્રકાર જોઇને સર્વે ભક્ત, સમાજને મોદનો હર્ષનો પાર ન રહ્યો. સૌ આ શ્રીગોકુલેશજીની ચેષ્ટા જોઇ વારિ વારિ જાય છે. આ સમયે શ્રીગુસાંઇજીના સકલ મનોરથો સિદ્ધ થયા અને સ્વયં શ્રીમુખે આજ્ઞા કરી કે આ બાલક અલૌકિક છે, અને અલૌકિક આ બાલકની કૃતિ છે. પાષંડના વિહંડન (ખંડન કરનાર) અને સકલ ધર્મના પ્રતિપાલ છે.

દુલી દાઈ યોં બોલી વેટુઆ ભયો, કૃષ્ણ દાસી યોં બોલી મેરો ગોકુલનાથ ભયો ।
શ્રીરુક્મણિ બોલે રાજ કરો તેરો ગોકુલનાથ મેરે તો અવહિ મંગલ ભયો ।।

વધૈયાનું શ્રીગુસાંઇજી પાસે પહોંચવું :

વધાઇ લઇને ગયેલા વધૈયા થોડા રોજમાં શ્રીગિરિરાજ પહોંચ્યો. ત્યાં જઇ દૂરથી શ્રીગુસાંઇજીને જોતાં જ વધાઇ વધાઇના ઉચ્ચાર કરવા લાગ્યો. આ શબ્દ શ્રીગુસાંઇજીના હૃદય-ચાતકને સ્વાતિબિંદુરૂપ થઇ પડ્યા અને તેથી એમના ઉરમાં જે આનંદસાગર ઊલટ્યો તે ઘણા પ્રયત્ન કરવા છતાં નહીં રોકાવાથી છેવટે હર્ષનાં આંસુ દ્વારા બહાર નીકળી પડ્યો. પછી વધૈયાએ વધાઇપત્ર આપ્યો એ હર્ષથી વાંચી છાતી સરસો દાબ્યો અને આનંદમાં વધૈયાનું મુખ મીસરીથી ભરી દેવડાવ્યું. પછી એનું વસ્ત્રાભૂષણ વગેરેથી સન્માન કરી વિદાય કર્યો.

શ્રીગુસાંઇજીનું અડેલમાં પધારવું :-

હવે શ્રીગુસાંઇજીને શ્રીગોકુલેશનું મુખ નિરખવાને અતિ આર્તિ થવા લાગી. આપશ્રીને એક ક્ષણ એક યુગ સમાન લાગવા માંડી, તેથી શ્રીગિરિરાજ ઉપર શ્રીગોવર્ધનનાથજી (શ્રીનાથજી) સન્મુખ જઇ આજ્ઞા માંગી બને એટલી ઉતાવળથી અડેલ તરફ કૂચ કરી. માર્ગમાં જે જે મળ્યાં તેમણે જય જય શબ્દ કહી વધાઇ માંગી. એ સર્વનું સન્માન કરતા કરતા થોડા સમયમાં શ્રીગુસાંઇજી અડેલ પધાર્યા. આપશ્રીના પધાર્યાની વધાઇ આવતાં ઘરનાં સહું બાલકો, બેટીજી, વહુજી તથા શ્રીશોભાજી

વગેરે સામાં આવ્યા અને દંડવત્પ્રણામ કરી શુભ સમાચાર કહ્યાં. ત્યાર પછી શ્રીગુસાંઇજી ઘરમાં જઇ અંતગૃહમાં પોઢેલા શ્રીગોકુલેશજીને નિરખીને હૃદયનો તાપ શાંત કર્યો અને શ્રીગોકુલેશજીને ઉત્સંગમાં લઇ અનેક પ્રકારના સુખનો અનુભવ કરી બહાર પધાર્યા.

જાતકર્મ :-

બહાર પધારી જાતકર્મની ક્રિયાનો પ્રારંભ કર્યો. પરિવાર અને જ્ઞાતિજનો તથા સોમા જોશી અને વેદશાસ્ત્રમાં નિપુણ એવા ઉત્તમ બ્રાહ્મણોને આદર-સન્માનપૂર્વક તેડાવ્યા. વળી ખબર મળતાં ભક્તજનનાં અનેક જૂથ સેવોપયોગી અનેક સુંદર સામગ્રી લઇ મંગલ ગીત ગાતાં ત્યાં આવ્યાં. તે સર્વે અંદર જઇ શ્રીગોકુલેશ પ્રભુના દર્શન કરી યશોગાન કરવા લાગ્યાં. ઉત્સવની શોભા અર્થે ઘર આંગણે તોરણ ધ્વજા વગેરે બંધાયાં તથા વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યા. પ્રથમ શ્રીગુસાંઇજી નદી પર જઇ સ્નાન કરી આવ્યા. ઘેર આવી નાંદીમુખની ક્રિયા કરી, બાલકની આરતી ઉતારી આશિષ દીધી. આ પ્રમાણે યથાવિધિ જાતકર્મ કરી ભેગા થયેલા વિપ્ર, માગધ, ગુણીજન, ભિક્ષુક, વગેરેનું અનેક પ્રકારનાં મોં-માગ્યાં દાન આપી, સન્માન કરી, કુટુંબીજન તથા જ્ઞાતિ વર્ગમાં વિવિધ પ્રકારની પહેરામણી આપી, સર્વને સંતોષ આપી વિદાય કર્યા.

નામકરણ :-

વળી નામકરણ સંસ્કારના મુહૂર્તનો દિવસ આવતાં એક મોટો મંડપ રચાવી એની વચ્ચે એક સુંદર વેદી તૈયાર કરાવી, પછી ત્યાં પટવસ્ત્ર સાથે પાટ બિછાવી શ્રીગુસાંઇજી તથા શ્રીરુક્મિણીજી (ગોદમાં આનંદથી બન્નેના પુત્રરત્નને લઇને) બિરાજ્યાં એ સમયે શ્રીગુસાંઇજીએ આ અલૌકિક બાલકના શ્રીકંઠમાં તુલસીની માલા (જેના રક્ષણ માટે આપશ્રીનું પ્રાગટ્ય થયું) પહેરાવી. પછી પુણ્યાહ-વાચન કરી, એક સુંદર થાળ મંગાવ્યો, એમાં ઉજ્જવલ ચોખા પૂરી કંચનથી શ્રીગુસાંઇજીએ **શ્રીવલ્લભ** એવું શુભ નામ લખ્યું, આ વખતે શ્રીગુસાંઇજીએ જણાવ્યું કે કૃષ્ણદાસીએ જે પ્રથમ નામ **શ્રીગોકુલનાથજી** પાડ્યું, તે સર્વોપરિ છે.

આ રીતે શ્રીગુસાંઇજીએ ભક્તનામ **શ્રીગોકુલનાથજી**, વ્યવહાર નામ **શ્રીવલ્લભ** તથા માસ નામ **શ્રીકૃષ્ણ** ધરી નામ સંસ્કાર (નામકરણ)ની ક્રિયા સમાપ્ત કરી.

જન્મોતરી :-

વળી એક વખત શ્રીગુસાંઈજી સહપરિવાર તથા ભક્તજનના સમૂહ વચ્ચે બિરાજ્યા છે, એ વખતે આપશ્રીએ પોતાના પુત્રરત્નનાં ગ્રહ લગ્ન વગેરે સાંભળવાનો મનોરથ થયો. એ વખતે કુળના ગોર સોમા જોશી ત્યાં હાજર હતા તેથી એમને શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલેશ પ્રભુના લગ્નગ્રહ વિશે પૂછ્યું. આ સાંભળી જોશીએ આનંદપૂર્વક જન્મપત્રિકા હાથમાં લઈ એની અક્ષત વગેરેથી વિધિસર પૂજા કર્યા પછી જન્મોતરીના આરંભે યથાવિધિ આશિષ-વચન કહી જન્મોતરી વાંચી.

પછી જન્મસમય નક્કી કરી નક્ષત્રનામ **દામોદર** પાડ્યું. આ સિવાય દામોદરદાસીએ એમનું નામ **પટકુલ** પાડ્યું હતું એ કહીં સંભળાવ્યું.

..ક્રમશ:

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

શ્રીસર્વોત્તમ સ્તોત્રનું બીજ વગેરેનું ઉપપાદન કરીને હવે આ સ્તોત્રનો વિનિયોગ કહે છે...હવે આ પાઠનો ઉપયોગ શું ? એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહે છે કે :-

विनियोगो भक्तियोगप्रतिबन्धविनाशने ।।

कृष्णाधरामृतास्वादसिद्धिरत्र न संशयः ।। ६ ।।

ભાવાર્થ :- આ અષ્ટોત્તરશત નામોના પાઠનો વિનિયોગ ભક્તિયોગમાં આવતા પ્રતિબન્ધોનો વિનાશ કરવામાં છે. તેથી શ્રીકૃષ્ણના અધરામૃતનો આસ્વાદ (સ્વરૂપાનંદનો ભોક્તૃભાવ)ની સિદ્ધિ થાય છે તેમાં સંશય નથી. ૬

રાગ: ટોડી

ભક્તિયોગ-પ્રતિબંધ નિવારન કારન સર્વોત્તમ વિનિયોગ ।
સિદ્ધિઃ શ્રીકૃષ્ણાધરામૃતાસ્વાદ ફલ નિ:સંશય યહ આસ્ય ઉપયોગ ।। ૧ ।।
જો રસ શિવ ચતુરાનન દુર્લભ ધનપતિ જલપતિ ગનપતિ ભાવૈ ।
સુરપતિ દિનપતિ અરુ રાકાપતિ દરસન કરિ સમાધિ નિત ધ્યાવૈ ।। ૨ ।।
યહ નિત નિયમ કરૌ જિય અપને પઢૌ સુનૌ ચિત ચિંતન કીજૈ ।
શ્રીવિઠ્ઠલ કરૂણા કરિકૈ **ગોવિન્દ** કોં સર્વોત્તમ દીજૈ ।। ૩ ।।

ભક્તિયોગમાં જે કાંઇ સમજાય અથવા ન સમજાય તેવા પ્રકારનો પ્રતિબંધ હોય તેનાો વિનાશ એટલે સંપૂર્ણ નાશ, મૂળથી ઉચ્છેદ, એ આ સ્તોત્રનું **विनियोग** પ્રયોજન છે. એટલે કે શ્રીઠાકોરજીની સેવામાં આવતા જેટલા પ્રતિબંધ છે તેને દૂર કરવામાં શ્રીસર્વોત્તમ સ્તોત્ર છે. હવે જરા ધ્યાનથી સમજો. શ્રીદાદાજી અહીં આપણને એક સંકેત પ્રદાન કરે છે કે શ્રીગુસાંઇજીએ **ભક્તિ** પદને એકલો પ્રયોગ ન કરતા સાથે **યોગ** પદ જોડી દીધો. એટલે તે **ભક્તિયોગ** **भक्तियोग** બન્યો. મનમાં કદાચ એમ થાય કે **ભક્તિયોગ** કેમ પ્રયોગ કર્યો હશે ? તો તેનું કારણ એ છે કે **ભક્તિ**ના અનેક પ્રકાર હોવાથી, **ભક્તિયોગ ઘણા પ્રકારનો છે**, આ દ્વારા **ભક્તિ**ને અનેક ફલ પ્રાપ્ત કરાવનારી કહેલી હોવાથી આપણા આ ચાલુ પ્રસંગમાં શ્રીગુસાંઇજીએ **યોગ** શબ્દ યોજેલો છે. હવે એ સમજો કે ભગવાનની સાથે **યોગ** એટલે સાક્ષાત્ સંબંધ, તે સંબંધમાં પ્રતિબંધ હોય તેનો વિનાશ કરવો એ આનો ઉપાય છે, એવો અર્થ છે. જેને શ્રીગુસાંઇજી બાવા **प्रतिबन्धविनाशन** દ્વારા સુચિત કરાવે છે.

હવે, **શ્રીકૃષ્ણના અધરામૃતના આસ્વાદ(ની પ્રાપ્તિ)** **कृष्णाधरामृतास्वाद** શબ્દથી સાક્ષાત્ ભગવાન શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ)ને પ્રાપ્ત કરવાનું ફલ કહે છે. હવે પરમફલ તો શ્રીપ્રભુના

અધરામૃતનું આસ્વાદ છે, જે ઘણું દુર્લભ હોવાથી સર્વત્ર - સર્વને આપવા યોગ્ય હોવાનું સંભવતું નથી, છતાં પણ અહિં **આસ્વાદ आस्वाद** શબ્દ યોજેલ છે, તેમાં આ - **आ** એટલે ઓછું એવો જ આશય છે. જેનો જેવો અધિકાર હશે તે પ્રકારે ફલનો અનુભવ થશે. જેમ જ્યારે શ્રીપ્રભુએ વેણુનાદ કર્યો ત્યારે વેણુનાદ દ્વારા નંદ, વગેરે, અને વૃક્ષ, લતા વગેરે બધાને જે થોડો અનુભવ કરાવ્યો. તેજ પ્રમાણે આ સ્તોત્રનો પાઠ કરનારાઓને પણ (પોતાના) અધિકાર પ્રમાણે મુખ્ય અધિકારી સિવાયના બીજા વ્રજવાસીઓની જેમ આ સ્તોત્રથી ઓછું - વત્તુ ફલ પ્રાપ્ત થાય છે. અને હા! ફલ તો અવશ્ય પ્રાપ્ત થશે, તે જણાવવા શ્રીગુસાંઈજી બાવાએ સંશય નથી **न संशयः** શબ્દો યોજેલ છે. ૬

આ પ્રમાણે એક થી છ શ્લોક સૂધી આ સ્તોત્રનું ફલ જણાવી, હવે આગળ શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના અલૌકિક ૧૦૮ નામો પ્રકટ કરે છે.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૫ વૈષ્ણવકો કર્તવ્ય.

અબ ઓરહું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે - છઠ્ઠો લક્ષણ કહત હે જો *વૈષ્ણવ સેવા-સ્મરણ ભગવદ્ધર્મમેં પાખંડ ન કરે. સો વૃત્રાસુરકી[૧] શ્રીસુબોધિનીમેં લીખે હે જલભેદ[૨] ગ્રંથમેં સુકી નદીકે દષ્ટાંત તે કહે હે સો ન કરે.* ઓર કાહુકે દિખાયવેકે અર્થ પૂજા ઓર પ્રતિષ્ઠા અર્થ ઉદ્ધાર અર્થ ન કરે. સહજ અપનો ધર્મ રાખે-જૈસે બ્રાહ્મણ ગાયત્રી જપે યથા લાભ સંતોષ સુ કરે - એક કાલ, દ્વિકાલ ત્રિકાલ; વા વિના સેવા પૂજા કરે ખાય તો નર્ક મેં પડે. પાખંડકી સેવા પ્રભુ અંગીકાર ન કરે. યા પ્રકારસો શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કીયો. ઈતિ ષષ્ટમો પ્રસંગ.૬

[1]. ચિત્રકેત્રનુ રાજા ભગવાનનો ભક્ત હતો, છતાં, આત્માજિતન હતો તેથી મનને વશ હતો. શિવજીના ખોળામાં પાર્વતીજીને બેઠેલાં દેખ્યાં ત્યારે તેણે ઉપહાસ કર્યો. **જે ભક્ત થઇ બીજાના કાર્યમાં ધ્યાન આપે તે બરાબર નથી**. આમ તે ભક્ત હતો માટે ભગવાને તેન હણ્યો નહીં, પણ શ્રીપાર્વતીજી દ્વારા અસુર થવાનો શાપ અપાવ્યો.

હવે ચિત્રકેતુ ત્વષ્ટાના ત્યાં જન્મ પામ્યા. ત્વષ્ટા અદિતિના પુત્ર હતા પણ તેઓ દૈત્યપુત્રી **રચના** સાથે પરણ્યા હતા. તેનાથી રચનાને બે પુત્ર થયા. **સન્નિવેશ અને વિશ્વરૂપ**. આ વિશ્વરૂપ દૈત્યનો ભાણેજ છતાં દેવોની માગણીથી તેમનો પુરોહિત થયો. કારણકે ઇન્દ્ર વગેરેએ ગુરુ બૃહસ્પતિનું અપમાન કર્યું હતું. તેથી તેઓ નિસ્તેજ અને લક્ષ્મીહીન બન્યા હતા. આ વિશ્વરૂપ નારાયણ કવચના પ્રભાવથી દેવોને લક્ષ્મીવાન કર્યા. તેના પરિણામે ઇન્દ્રાદિદેવો બળવાન થયા. હવે આ વિશ્વરૂપ યજ્ઞમાંના દેવભાવને છુપીરીતે દૈત્યોને આપતો હતો. કારણકે તેનામાં દૈત્યાંશ હતો. પણ ભગવાન પોતાના ભક્તમાં દૈત્યનો થોડો અંશપણ સહન કરતા નથી, તેથી ઇન્દ્ર દ્વારા વિશ્વરૂપનું મસ્તક કાપી નખાવ્યું.

આથી તેના પિતા ત્વષ્ટા ક્રોધે ભરાયા. ને ઇન્દ્ર શત્રુ વૃદ્ધ પામે અને જલ્દી શત્રુને માર, એવો અર્થનો મંત્ર બોલી અગ્નિમાં હોમ કરવા લાગ્યા. પણ તેનાથી મંત્ર બોલવામાં ભૂલ થવાથી અગ્નિમાંથી જે પુરુષ ઉત્પન્ન થયો તેનો શત્રુ ઇન્દ્ર થયો અને ઇન્દ્ર તેનો વધ કરનાર થયો. આથી ત્વષ્ટાનો હેતુ ઉલટો નીવળ્યો.

શ્રીમદ્ ભાગવત ૬-૧૧-૨૪ થી ૨૭ શ્લોકો - આ ચાર શ્લોકો વૃત્રાસુર ચતુઃશ્લોકી નામે ઓળખાય છે, જે તેની મૂર્તિમતી દેવરૂપ ભક્તિનું યથાર્થ સ્વરૂપ બતાવનાર છે. આ શ્લોકો अहं हरे तव पादैकमूलालથી શરૂ થાય છે અને દરેક ભક્ત આ પ્રાર્થના હંમેશા કરે છે.

આ શ્લોકોમાં અનુક્રમે પુષ્ટિમાર્ગીય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થનું પ્રતિપાદન કર્યુ છે. પ્રથમ શ્લોકમાં શ્રીહરિનું દાસ્ય એ પુષ્ટિમાર્ગીય ધર્મ છે, બીજામાં શ્રીહરિ પુષ્ટિમાર્ગીય અર્થરૂપ બીજો પુરુષાર્થ છે, ત્રીજા શ્લોકમાં ભગવાનના દર્શનની અભિલાષા એ પુષ્ટિમાર્ગીય તૃતીય પુરુષાર્થરૂપ કામ છે, જ્યારે ચોથામાં ભગવદીયત્વ સિદ્ધ થયું તે જ પુષ્ટિમાર્ગીય ચોથો પુરુષાર્થ મોક્ષ છે, એમ સિદ્ધ કર્યુ છે.

આ વૃત્રાસુર ચતુઃશ્લોકીના પ્રથમ ત્રણ શ્લોક ઉપર પરમ કૃપાળુ શ્રીગુસાંજીનું અને છેલ્લા શ્લોક ઉપર શ્રીમહાપ્રભુજીનું વ્યાખ્યાન છે, ટીકા છે. આ ટીકાને વધું સરળ કરવા શ્રીહરિરાયજી, શ્રીવલ્લભજીની ટિપ્પણીઓ અને શ્રીપુરુષોત્તમજીનો પ્રકાશ નામક ટીકા છે.

[2]. જલભેદ ગ્રંથમાં (૧૨ - ૧૩ શ્લોકમાં) નદીના જલનું વર્ણન છે. તેમાં ૨૦ પ્રકારના વક્તાઓના ભાવો બતાવ્યા છે. તેમાં આ સત્તરમો ભાવ છે. જેમ નદીનું જલ ચોમાસામાં વધે છે અને અન્ય ઋતુમાં ઘટે છે તેમ સત્સંગથી ભાવ વધે છે અને દુ:સંગથી ભાવ ઘટે છે. વળી દેશ, કાલ, કર્મ વગેરે શુદ્ધ હોય તો ભાવ વધે છે ને દુષ્ટ હોય તો ભાવ ઘટે છે. વળી નાની નદીમાં જલ થોડું હોય તેથી શુદ્ધ જલની અપેક્ષા તેમાં રાખી શકીએ નહીં, તેમ સેવા-સ્મરણ રૂપી નદીપૂજા પ્રતિષ્ઠા વાળી હોય તો તે નાની-સુખી નદીના જલ માફક દુ:સંગવાળુ હોવાથી ગ્રહણ કરવા લાયક નથી. શુદ્ધ પુષ્ટિ ભક્તિમાં લોક અને વૈદિક ભક્તિ મિશ્ર થઇ શકતી નથી. પછી તે પાખંડરૂપ બને છે.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

વલ્લભદાસ

દાદા નારાયણજીના પ્રથમ પુત્ર ત્રિકમદાસભાઇના દ્વિતીય પત્ની ફૂલાભાભીના એ પુત્ર હતા, તથા મહદ્‌વર્ય મોહનભાઇજીના નાના ભાઇ હતા. તેમનો જન્મ વિ.સં.૧૬૭૦ની આસપાસ છે.

સ્વભાવે સાત્ત્વિક, સુશીલ અને સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુમાં જ સદા અનુરક્ત હતાં. બાલ્યવયથી કાવ્યરચનામાં નિપુણ હતા. શ્રીગોકુલેશ પ્રભુના અંતરંગ સેવકોમાં **કવિરત્નરૂ**પે હતા. તેમના ઉપર શ્રીગોકુલેશજી સદા પ્રસન્ન રહેતા હતા. શ્રીગોકુલેશજીની પરમ કૃપાથી સમય સમયની જે જે લીલાનું અલૌકિક દર્શન કર્યું હતું તે સગળી લીલા પોતાના પદોમાં વર્ણવી છે.

વલ્લભદાસજીએ શ્રીવલ્લભ રસાલય (નાનો મહાઉત્સવ), શ્રીવલ્લભ રસ, શ્રીવલ્લભ વેલ, વિવાહ ખેલ, માલાનો કરખો, શ્રીવલ્લભ ચરિત્ર, ભાગ્યરાસચરિત્ર, નવરસ, સેવાસિદ્ધાંત વગેરે અનેક ગ્રંથોની રચના કરી, સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુના અલૌકિક સ્વરૂપનું સ્વકીયજનોને રસપાન કરાવ્યું છે. તદુપરાંત વ્રજભાષામાં પણ અનેક પદો રચી શ્રીગોકુલેશજીના ગુણગાન ગાયાં છે. આ પ્રમાણે શ્રીગોકુલેશજીના પરમ વિશેષ કૃપાથી વલ્લભદાસે અદ્ભુત સેવા કરી છે.

શ્રીગોકુલેશપ્રભુ નિજધામ પધાર્યા પછી, શ્રીમદ્ ગોકુલના આપશ્રીના શ્રીબેઠકજીમાં નિત્યસેવાનો ક્રમ પ્રારંભ થયો નહોતો. આથી શ્રીગોકુલેશજીએ આપના એક અંતરંગ સેવકને સ્વપ્નમાં આજ્ઞા કરી કે ગોકુલેશપુર (વલ્લભઘાટ)થી વલ્લભદાસને બોલાવો અને મારી સેવાનો પ્રકાર પ્રારંભ કરો. આવી જ આજ્ઞા શ્રીગોકુલેશજીએ વલ્લભઘાટે રહેતા વલ્લભદાસને પણ કરી કે સવારે અમારો એક અંતરંગ વૈષ્ણવ આવશે અને તમે મારી શ્રીબેઠકજીનો સેવાપ્રકાર ચાલુ કરો. આ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુની આજ્ઞા અનુસાર વલ્લભદાસે તે સમયે શ્રીમદ્ ગોકુલમાં બિરાજમાન શ્રીચતુર્થપીઠાધીશ્વર નિ.લી. શ્રીગોવર્ધનેશ પ્રભુચરણ (પ્રા.સં.૧૯૬૫)ને સર્વ હકિકત પ્રગટ કહીં અને શ્રીબેઠક પ્રકાર શરૂ કરવા વિનંતી કરી. આ એજ શ્રીબેઠકજી છે, જ્યાં શ્રીગોકુલેશ પ્રભુએ અનેક વચનામૃત પ્રકટ કર્યા. અને આજે પણ આ શ્રીબેઠક યથાવત્ સ્થિતિમાં છે. અને શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય પ્રેમી સેવક-વૈષ્ણવો શ્રીબેઠકમાં શ્રીચરણસ્પર્શનો અલૌકિક સુખ પ્રાપ્ત કરે છે. અને વલ્લભદાસે પણ ઘણા વર્ષ સુધી શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણસ્પર્શનું અલૌકિક સુખ લીધું હતું. શ્રીગોકુલેશ પ્રભુના શ્રીબેઠકજીના પ્રકારનો સુંદર વર્ણન વલ્લભદાસે **નવરસ** ગ્રંથમાં કર્યો છે.

આ વલ્લભદાસે અનેક કીર્તન પદો પ્રકટ કર્યા છે, જેમાં શ્રીચતુર્થકુમાર સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુનાં મંગલાના પદ, જગાયવે કે પદ, વગેરે, સાથે વસંતોત્સવ, વગેરે દરેક ઉત્સવ પ્રકારના પદોની રચના કરી છે. અને અનેક ધોલપદ પણ રચી સૌ શ્રીગોકુલેશ પ્રભુના અનન્યાસક્ત ભક્તોને શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપને સમજવા, નિરખવા - જાણવા, માણવા ખૂબજ ઉપયોગી છે. એવાજ એક ધોલપદ આપણે આજ અંકમાં આગળ શ્રીધોલપદમાં માણીશું.

આ વલ્લભદાસ સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુના આવા અનન્ય અને કૃપાપાત્ર અંતરંગ ભગવદીય હતા. આવા ભાગ્યવાન ભગવદીયનો ભાવ વર્ણવી શકાય તેમ નથી.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીધોલ પદ

વહાલા લાગો છો ઘણું વહાલા

વહાલા લાગો છો ઘણું વહાલા, ગોકુલનાથ વહાલા લાગો છો ૦
દ્વિજકુલમાં તમો દેહ ધરીને, વૈષ્ણવને સુખ આપ્યાં. ગોકુલનાથ૦ ૧
એહ સ્વરૂપ ઉરમાં ધરી રાખે, તેના ભવનાં બંધન કાપે. ગોકુલનાથ૦ ૨
શ્રીવિઠ્ઠલસુત છે અતિ રૂડા, તેહનાં દર્શનથી દુઃખ જાએ. ગોકુલનાથ૦ ૩
અનેક જન્મના દોષે ભર્યા જીવ, જીવ હતા અનાથ. ગોકુલનાથ૦ ૪
માલાતિલકનો મહિમા વધાર્યો, જેથી પાપી પાવન થાયે. ગોકુલનાથ૦૫
અનેક જન્મના તાપ નિવાર્યા, શરણે ગયા તે તાર્યા. ગોકુલનાથ૦ ૬
માગસર સુદ સપ્તમીએ જન્મ્યા, જેજેકાર સર્વને થયો. ગોકુલનાથ૦ ૭
ધોતી ઉપરણો સુંદર સોહિયે, કેસરી પાઘ બિરાજે. ગોકુલનાથ૦ ૮
વલ્લભદાસને આશ તમારી, ચરણે આપોને વાસ. ગોકુલનાથ૦ ૯

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

વિચાર કરવો જોઇએ !

સેવોપદેશક - ગુરુ

સેવોપદેશક ગુરુના લક્ષણ આપણે ગયા અંકમાં જોઈ ગયા. હવે આપણે આગળ જોઈએ કે ગુરુએ વિના વિચાર કર્યે કેવળ સેવકોનો વર્ગ વધારવા પુષ્ટિમાર્ગીય દીક્ષા ન દેવી જોઈએ. કરણકે ન તો એમાં શિષ્યનું હિત રહે છે, અને સાથેજ શ્રીગુરુદેવનું પણ અહિત થાય છે.

क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्तिहेतवः ।

(जलभेद. ४)

ઘર-ગૃહસ્થીના નિર્વાહ માટે ભગવદ્-ગુણગાન કરનારાઓના મુખથી સાંભળવામાં આવલી ભગવત્કથા સંસારાસક્તિ વધારનારી હોય છે. જલભેદ. ૪

અહિંયા એક પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે કે બ્રહ્મવૈવર્તપુરાણના શ્રીકૃષ્ણજન્મખંડમાં कल्याणसूक्तसामानि हरेर्नामैकमंगलं कुर्वन्ति विक्रयं ये वै तेषां भारेण पीडीता બ્રહ્માજીને કહેવામાં આવેલા આ પૃથ્વીવચન; તેમજ मन्नामविक्रयी विप्रो नहि मुक्तो भवेद् ध्रुवं मृत्युकाले च मन्नामस्मृतिमात्रं न विद्यते શ્રીનન્દને કહેવામાં આવેલ ભગવદ્ વચનના આધારે પણ, ભગવન્નામના વિક્રય (વેચાણ) દોષરૂપે ગણવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં ગુરુભેટ ધરનાર પોતાનાં શિષ્યને પણ ભગવન્નામોપદેશ દોષરૂપ ગણાશે. કેમકે શિષ્ય દ્વારા ધરવામાં આવતી ભેટ જો સ્વીકારવામાં આવતી હોય તો તે પણ એક પ્રકારનો નામવિક્રય જ થયો કહેવાય!

સિદ્ધાંતીનું સમાધાન : વાત તમારી તો સાચી, પણ ગુરુત્વ એ બ્રાહ્મણની સહજ અને શાસ્ત્રાનુમોદિત આજીવિકા છે. વાતને સૂક્ષ્મ રીતે સમજો. તેથી તેને ત્યાજ્ય માની શકાતી નથી ... વળી શ્રીગુસાંઈજી પ્રભુચરણે જે વાત કહીં છે, **પાત્ર-અપાત્રનો સરખો વિચાર કરીને જે કાંઈ પણ દાન આપવું જોઈએ, તેમાંય શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ)ના નામોના દાનમાં તો તે બાબતમાં કાળજી ખાસ લેવી જોઈએ, નહીં તો વિના વિચારે શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ)ના નામનું દાન કરવાથી સ્વયં દાનકર્તાનો**

જ વિનાશ થાય છે, તેથી પોતાના અને શિષ્યના ઉદ્ધારની કેવળ ભાવના રાખીને જો નામદીક્ષા આપવામાં આવતી હોય તો કોઇ વાંધાજનક વાત નથી. નહીં તો લાભને કારણે પાત્ર-અપાત્રના વિવેક રાખ્યા વિના જો નામદીક્ષા, અથવા બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવે તો નામવિક્રયનો દોષ જ છે કે જેને કારણે દીક્ષાદાતા અપરાધી બને છે. (શ્રીપુરુષોત્તમજી કૃત જલભેદ વિવૃત્તિ.૪)

હવે ક્યારેક એમ બને કે ગયા વખતે આપણે શ્રીગુરુના લક્ષણમાં *કોઈક પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહીં, દમ્ભાદિ દુર્ગુણોથી રહિત છે કે નહીં; તેમજ શ્રીમદ્‌ભાગવત પુરાણના મર્મનો જાણકાર છે કે નહીં આટલી વાતો સરખી રીતે ચકાસી લીધા પછી જ તેની પાસે ગુરુબુદ્ધિ રાખીને જવું જોઈએ,* જો આવા ગુરુ ન મળે તો ? શું કરવુ ? જીવનો ઉદ્ધાર કેમ સંભવે ?

सच दुर्लभ इति तेनापि वक्तव्यप्रकारम् आह -

तदभावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेः क्वचित् ।
परिचर्यां सदा कुर्यात् तद्रुपं तत्रच स्थितम् ।।

(त.दी.नि. २२८)

આવા ગુરુ મળવો (જેમ ૨૨૭ની કારિકામાં કહેલ ગુરુના લક્ષણ વાળા ગુરુ ન મળે તો) તો સહેલું નથી, તેથી તેવા કપવા સંજોગોમાં શું કરવુ તે હવે સમજાવવામાં આવે છ—

આવા ગુરુ જો ન મળે તો પોતેજ ભગવાનની મૂર્તિને (આરાધ્ય) બનાવીને પરિચર્યા - ભજન - પૂજન તો ક્યાંક કરવુંજ જોઇએ, કેમકે તે ભગવદ્ પ્રતિમામાં ભગવાનનું સ્વરૂપ અને સત્ત્વ બન્ને વિદ્યમાન હોય જ છે.

કોઇક એવા દેશમાં કે જ્યાં સજ્જનોની સાથે આડાઇ કરનારા લોકો રહેતા ન હોય ત્યાં રહીને શ્રીહરિની મૂર્તી (ને આરાધ્ય) બનાવીને ભજન કરી લેવું જોઇએ. ભજનનો આજ પ્રકાર આ માર્ગમાં ઉત્તમ ગણાય છે. ભગવન્મૂર્તિને માટે જે કાંઇ કરવામાં આવે તે સાક્ષાત્ ભગવાન્ માટે કરેલું સમજી લેવું. ત.દી.નિ. પ્રકાશ ૨.૨૨૮

અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે શ્રીમહાપ્રભુજીએ જેવા લક્ષણવાળા ગુરુથી દીક્ષા ઉપદેશ (પુષ્ટિમાર્ગીય દીક્ષા એટલે કે નામ દીક્ષા, અને બ્રહ્મસંબંધ દીક્ષા) લઈને ભગવત્સેવામાં પ્રવૃત્ત થવાનું કહ્યું છે, તેવા લક્ષણોથી યુક્ત ગુરુ બળવાન કલિયુગને કારણે જો આગળ જતાં ન મળે તો શું કરવું? (*જેમ આજના વર્તમાનમાં આવા લક્ષણોથી યુક્ત ગુરૂ મળવા મુશ્કિલ છે*) તો આવા સંજોગોમાં શું કરવું? આના સમાધાનમાં શ્રીપુરુષોત્તમજી શ્રીમહાપ્રભુજીના હૃદયનો હાર્દ સમજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીએ આ સ્થિતિમાં આ માર્ગમાં શ્રીગુરુપદ પોતાના પૂરતુ મર્યાદિત રાખીને આજ્ઞા આપે છે કે આવી પરિસ્થિતિમાં જીવે સ્વયં (પોતેજ) ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ જવું જોઈએ. આવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને શિરોમાન્ય કરીને જે જાતે જ ભગવત્સેવામાં તત્પર થઈ જાય છે તેની તેવી કૃતિમાં ધર્માભાસતા-પાષણ્ડ-પાખંડનો આરોપ લાગતો નથી, કે જે ધર્મભાસતાને **યસ્ત્વિછયા કૃતઃ પુમ્ભિરાભાસો હ્યાશ્રમાત્ પૃથક્** વચનમાં નિન્દિત ઠરાવવામાં આવી છે. શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં પણ જેવી મૂઢતાની નિન્દા કરવામાં આવી છે તે પણ આવી રીતે બરાબર સમજીને સેવા કરનારાની બાબતમાં લાગૂ પડતી નથી. જાતે જ જેઓ ભગવત્સેવામાં પ્રવૃત્ત થયા હોય તેઓ પણ સેવાની બાબતમાં કોઈક વિશેષ માહિતી મેળવવા માંગતા હોય તો તેવા જાણકાર કોઈક ભગવદીયને મળીને મેળવી શકે છે આ પણ આ નિરૂપણથી સૂચિત થાય છે.
ત.દી.નિ. પ્રકાશ.આવરણભંગ ૨.૨૨૮

હવે પ્રશ્ન એક મનમાં એ પણ થાય છે કે શું જે જીવને આવા લક્ષણ વાળા ગુરુ ન મળ્યો અને તે જીવે જાતેજ સેવા શરૂ કરી, તો શું તે સેવકે આજીવન જાતેજ સેવા કરવી, કે પછી આવા લક્ષણ વાળા યોગ્ય ગુરુને શોધતા રહેવું જોઈએ?

સમાધાન :- વાત બરાબર. કદાચ એ ભક્ત-સેવકને જ્યારે સેવામાં રૂચી થઈ, ત્યારે આવા લક્ષણ વાળા ગુરુ ન મળ્યા, અને જાતેજ સેવા શરૂ કરી, પણ સાથે સાથે આવા યોગ્ય લક્ષણ વાળા ગુરુની પણ શોધ ચાલુ રાખવી. આવા યોગ્ય લક્ષણવાળા ગુરુ દુર્લભ છે, પણ જીવને આવા યોગ્ય લક્ષણવાળા ગુરુ મળવા શક્ય છે. અને આપણા પુષ્ટિમાર્ગમાં એક વાત હમેશાં ધ્યાનમાં રાખવી કે **પુષ્ટિમાર્ગમાં ગુરુ હોવા માટે શ્રીમહાપ્રભુજીના વંશજ પુત્ર હોવું જરૂરી છે, છતાં, દરેક શ્રીમહાપ્રભુજીના વંશજ ગુરુ બને એ જરૂરી નથી. અને બેટીજીને ગુરુ સમજવાની આજે ઘણાં ખરા**

ભૂલ કરે છે, તે તદ્દન અયોગ્ય છે. કારણકે ત.દી.નિ. ૨.૨૨૭માં શ્રીમહાપ્રભુજીએ નરમ્ નરમ્ શબ્દ પ્રયોગ કર્યો છે. જે કેવળ અને કેવળ પુરુષ જાતી માટે વપરાય છે. તેથી માર્ગીય દીક્ષાનો બોધ પણ ગ્રહણ ન કરી શકાય.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।
ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।
જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ।।
શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।
શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ।।

શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ ગુરુદેવ
ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના આશિર્વાદથી

શ્રીમદ્ ગોકુલ આવતા શ્રીચતુર્થગૃહના સેવકોને સન્મુખ-શ્રીચરણસ્પર્શ સંબંધી આવશ્યક માર્ગદર્શન

શ્રીમદ્ ગોકુલ - શ્રીગોકુલનાથજીના મંદિરમાં શ્રીગુસાંઈજી પ્રભુચરણના શ્રીચતુર્થકુમાર અને શ્રીમાલા-તિલક રક્ષણહાર સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણના શ્રીબેઠકજી સાક્ષાત્ પ્રગટ બિરાજે છે.

કેવળ શ્રીચતુર્થગૃહની કંઠીદીક્ષા અને / અથવા બ્રહ્મસંબંધ દીક્ષા લેનાર વૈષ્ણવોને જ અહીં શ્રીચરણસ્પર્શ કરવાનો અધિકાર છે, અન્ય કોઇ ગૃહનાં વૈષ્ણવો શ્રીચરણસ્પર્શ કરી શકતા નથી.

શ્રીબેઠકજીમાં સામગ્રીભોગ (આજકાલ જે અન્ય શ્રીબેઠકજીઓમાં થાય છે તેમ) સેવક-વૈષ્ણવોથી ધરી શકાતો નથી તેમજ ઝારીજી પણ ભરી શકાતા નથી, માત્ર શ્રીચરણસ્પર્શ જ થઇ શકે છે.

શ્રીમદ્ ગોકુલમાં સૌ પ્રથમ વાર આવનાર શ્રીચતુર્થગૃહના સેવકે અહીં પોતાના પ્રાણપ્રેષ્ઠ અને સર્વદા સેવ્યા શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણની સન્મુખ થવું અનિવાર્ય છે. આ માટે શ્રીચતુર્થગૃહના મુખ્ય કાર્યાલયમાં સેવા આપતા વૈષ્ણવને પ્રથમ વિનંતી કરવી અને તેમની સહાયથી દીનતા અને ભક્તિભાવપૂર્વક શ્રીબેઠકજી સન્મુખ થવું, અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા.

સન્મુખ થયા બાદ, શ્રીબેઠકજીમાં શ્રીચરણસ્પર્શ કરવા ઇચ્છુક વૈષ્ણવ ભાઇ-બહેને પ્રથમ મુખ્ય કાર્યાલયમાં વિનંતી કરવી અને તે દ્વારા **શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ શ્રીગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી** પાસે સ્વયં ઉપસ્થિત રહી, શ્રીચરણસ્પર્શ માટે વિધિસર આજ્ઞા પ્રાપ્ત કરવી.

સન્મુખ થનાર વૈષ્ણવે વ્રત કરતાં અગાઉ શ્રીપ્રભુની રસરૂપ પ્રસાદી સખડી લેવી અનિવાર્ય છે, અને ત્યારબાદ જ બીજા દિવસે વ્રત કરવું. જેની માહિતી શ્રીચતુર્થપીઠના મુખ્ય કાર્યાલય પરથી પ્રાપ્ત થઈ શકે.

વ્રતના દિવસે માત્ર ફલાહાર અને દૂધ લેવાં. અન્ય કોઈપણ પ્રકારનો અન્નાહાર, પાન ગુટખા, ધૂમ્રપાન વગેરેનું સેવન કરવું નહિં.

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

જૈ જૈ શ્રીગોકુલેશ

બાર માસમાં માગસર માસ, તુ પરમ સોહાગિયો એ;
આગમ ઓચ્છવ સારનું સાર, અતિ અનુરાગિયો એ. ૧
તુંથી પામ્યો હમારો નાહ, તું પરમ સોહાગિયો એ;
વ્રજજનને હરખ ન માય, અતિ અનુરાગિયો એ. ૨
ઓચ્છવના કાજ સહુ થાય, તું પરમ સોહાગિયો એ;
સામગ્રીતણો નહિં પાર, તુ અતિ અનુરાગિયો એ. ૩
શોભાજીએ હરખ ન માય, તું પરમ સોહાગિયો એ;
મંદિર ધોઇ કર્યાં સહુ સિદ્ધ, તુ અતિ અનુરાગિયો એ. ૪
નાનાવિધિ ચિત્રકારી થાય, તું પરમ સોહાગિયો એ;
ચંદરવા તોરણ બંધાય, તું અતિ અનુરાગિયો એ. ૫
પિછવાઈઓ બાંધી સુહાય, તું પરમ સોહાગિયો એ;
વૈષ્ણવજન મલી મલી ગાય, તું અતિ અનુરાગિયો એ. ૬

વાંજા રણઝણ રણઝણ થાય, તુ પરમ સોહાગિયો એ;
મોટી નોબત ગડગડી જાય, તું અતિ અનુરાગિયો એ. ૭
વલ્લભદાસ બલિ બલિ જાય, તુ પરમ સોહાગિયોએ...

કવિત્ત

જિહિ છિનુ સુરતિ ન આવે ગોકુલેશજાુકી,
તિહી છિનુ અસુર આવેશ કરી ઠાનયે;
વલ્લભકે રસ બિનુ રુચે જાહિ આન રસ,
સોઈ રસ અનરસ વિષ કર માનિયે;
સ્વરૂપરસ ભાવવિનું આનભાવ આવૈ જબ,
તબ હિ જુ મન આન આસરો હિ જાનિયે;
ઈહાં રુચિ માન આન ઉપજે જો વસ્તુબુદ્ધિ,
તો જીય આપ આપુને અનન્ય ન પ્રમાનિયે. ૫

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથકી જય